




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૧ | ૨૦ જુલાઈ, ૨૦૧૮, શુક્રવાર; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

**ઈઝરાયેલ યહૂદી રાષ્ટ્ર જાહેર**

ઈઝરાયેલની સંસદ નેસેટે વિવાદિત 'જ્યૂસ નેશન બીલ'ને કાયદાનો દરજ્જો આપી દીધો છે. આ બીલને પાસ કરાવતા ૮ કલાકનો સમય લાગ્યો હતો. જેના પક્ષમાં ૬૨ અને વિપક્ષમાં ૫૫ સાંસદોએ વોટિંગ કર્યુ હતું.

**મારી વિરૂદ્ધ બધા આરોપો ખોટા : ચિદમ્બરમ**

એરસેલ મેક્સિસ મામલામાં સીબીઆઈએ પૂરક ચાર્જસીટ ફાઈલ કરી જેમાં પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ અને તેમના દીકરાનુ નામ સામેલ છે. આ મામલે ચિદમ્બરમે કહ્યું છે કે તેમની વિરૂદ્ધ બધા આરોપો ખોટા છે.

**ભાજપ પુનઃ સત્તામાં નહી આવે : મનસે**

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું છે કે ભાજપની સરકાર દરેક મોરચે નિષ્ફળ રહી છે. આગામી ચૂંટણીમાં તે પુનઃ સત્તા પ્રાપ્તિ નહી કરી શકે.

**ફેક ન્યૂઝ પર પ્રતિબંધ માટે ફેસબુક પગલાં લેશે**

સોશીયલ મીડિયા સાઈટ ફેસબુકે કહ્યુ છે કે ફેક ન્યૂઝ અને ખોટી માહિતીને દૂર કરવાનો પ્રારંભ તેઓ કરી રહ્યા છે. કેટલાય દેશોમાં ફેક ન્યૂઝના કારણે હિંસા ફેલાતા આ પગલુ લેવાયુ છે.

**ભરતી કૌભાંડમાં આસામના સાંસદની દીકરીની ધરપકડ**

આસામમાં નોકરી કૌભાંડ મામલે ભાજપના તેજપુરના સાંસદ આરપી શર્માની દીકરી પલ્લવી શર્મા સહિત ૧૯ સરકારી અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે.

# આજે સરકાર-વિપક્ષની અગ્નિપરીક્ષા

**આજે અવિશ્વાસ દરખાસ્ત ઉપર ચર્ચા-મતદાન : નંબર ગેમની દ્રષ્ટિએ નરેન્દ્ર મોદી સરકાર પર કોઇપણ સંકટ નથી : મોંઘવારી, ભાવ વધારા, જીએસટી અને નોટબંધી સહિત વિવિધ પ્રશ્ને મોદી સરકાર પર પ્રહારો કરીને લાભ ઉઠાવવાની કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોને તક**

નવીદિલ્હી, તા. ૧૯

રાજકીય વર્તુળોમાં જેની ચર્ચા છે કે, એનડીએ સરકારની સામે અવિશ્વાસ દરખાસ્ત આવતીકાલે રજૂ કરવામાં આવનાર છે. અવિશ્વાસ દરખાસ્ત પર ચર્ચા કરવામાં આવ્યા બાદ મતદાન પણ થશે. લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને અવિશ્વાસ દરખાસ્તને સ્વીકારી લીધી છે. અવિશ્વાસ દરખાસ્તથી કોઈપણ નુકસાન થશે નહીં. તેને લઈને સરકાર બિલકુલ ચિંતિત નથી. બીજી બાજુ વિપક્ષને આશા હતી કે, સરકાર અવિશ્વાસ દરખાસ્ત ઉપર સહમત થતાં પહેલા થોડો સમય લેશે જેથી સરકાર ઉપર પ્રહારો કરવાની વિપક્ષને તક મળી જશે પરંતુ સરકાર પ્રજાની વચ્ચે એવો કોઈ સંદેશ જવા દેવા માટે તૈયાર નથી કે, પુરતી સંખ્યા હોવા છતાં તે ફ્લોર ટેસ્ટથી બચી રહી છે. ભાજપની યોજના છે કે, કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોને આવા તકવાદી ગઠબંધન તરીકે રજૂ કરવામાં આવે. જેમની મોદીના વિરોધ સિવાય અન્ય કોઈ યોજના નથી. એનડીએના પ્રવક્તા પોતાની નીતિઓને યુપીએ સરકારની સરખામણીમાં વધુ સારી ગણાવવાના પ્રયાસમાં છે. વિકાસમાં તેજી, ડિજિટલીકરણ, બેનામી કાનૂન, આધારને લિંક કરવાની યોજનાનો સમાવેશ થાય છે. અર્થવ્યવસ્થાને સ્વચ્છ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે તે બાબત દર્શાવવાના પ્રયાસ કરાશે. વિરોધ પક્ષ સારી રીતે જાણે છે કે નંબર ગેમ તેની વિરુદ્ધમાં છે પરંતુ તે સમગ્ર મામલા પર ચર્ચા દરમિયાન મોદી સરકાર ઉપર પ્રહાર કરવા ઈચ્છુક છે. બિનએનડીએ પક્ષોની સાથે એકમત થવાના સંદેશા પણ આપવા માંગે છે. કોંગ્રેસ પાર્ટીના એક નેતાએ કહ્યું છે કે, કિંમતોમાં વધારો, બેરોજગારી, અસહિષ્ણુતામાં વધારો, જીએસટી અમલી કરવાની બાબત, નોટબંધીથી થયેલી તકલીફો, ખેડૂતોની તકલીફો અને એમએસપી જેવા મુદ્દા ઉપર સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરશે. વિપક્ષનું માનવું છે કે, મોદી ઉપર આકરા પ્રહારો કરવાથી દેશભરની નજરો તેના ઉપર કેન્દ્રિત રહેશે. આનો ફાયદો વિપક્ષને થશે. બીજી બાજુ સંસદીય બાબતોના મંત્રી અનંતકુમાર કહી ચુક્યા છે કે, પાર્ટીએ પોતાના તમામ સાંસદો સામે વ્હીપ જારી કરી દીધો છે જેને લઈને સભ્યો તમામ ઉપસ્થિત રહેશે. અમે દરખાસ્તને લઈને બિલકુલ આશાવાદી છીએ. નંબર ગેમના મામલામાં મોદી ચોક્કસપણે આગળ છે. ૨૭૩ ભાજપ સાંસદોની સામે ગઠબંધનના૩૯ સભ્યો પણ છે. આની સાથે એનડીએના સાંસદોની સંખ્યા ૩૧૪ થઈ જાય છે જે ગૃહમાં આશરે ૫૭ ટકા હિસ્સો છે.

● અનુસંધાન પાન-૭ પર



### આંકડા શું કહે છે

| | |
|---|---|
| **એનડીએનું સંખ્યાબળ** | |
| એનડીએન કુલ સભ્યો | ૩૧૪ |
| ભાજપના સભ્યો | ૨૭૩ |
| શિવસેનાના સભ્યો | ૧૮ |
| એલજેપીના સભ્યો | ૦૬ |
| શિરોમણી અકાળી દળના સભ્યો | ૦૪ |
| અન્યોના સભ્યો | ૦૯ |
| **વિપક્ષનું સંખ્યાબળ** | |
| વિપક્ષના કુલ સભ્યો | ૧૪૭ |
| કોંગ્રેસના સભ્યો | ૪૮ |
| ટીએમસીના સભ્યો | ૩૪ |
| ટીડીપીના સભ્યો | ૩૪ |

નોંધ : બિનજોડાણવાદી પક્ષો અને અપક્ષના ૭૩ સભ્યો છે.

## શિવસેના સરકાર સાથે

નવીદિલ્હી,તા. ૧૯

મોદી સરકારની સામે અવિશ્વાસ દરખાસ્તને લઈને વારંવાર રણનીતિઓ તૈયાર થઈ રહી છે. હજુ સુધી પોતાના પત્તા ખોલવા માટે તૈયાર નહીં દેખાઈ રહેલી શિવસેનાએ પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. શિવસેનાએ પણ કહ્યું છે કે તે અવિશ્વાસ દરખાસ્ત મોદી સરકારનો સાથ આપશે. શિવસેના વડા ઉદ્ધવ ઠાકરેએ એક ખાનગી સુત્રો સાથેની વાતચીતમાં કહ્યું છે કે, મોદી સરકારને શિવસેના સાથ આપશે. શિવસેના વડા દ્વારા સ્પષ્ટતા કરી દેવામાં આવી છે. આવતીકાલે અવિશ્વાસ દરખાસ્ત ઉપર ચર્ચા બાદ મતદાન પણ થશે. સુત્રોનું કહેવું છે કે, શિવસેના ભાજપનું સમર્થન કરશે. ૨૦૦૩ બાદ પ્રથમ વખત કેન્દ્ર સરકારની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી છે. ગઈકાલે લોકસભા અધ્યક્ષ દ્વારા બુધવારના દિવસે જ ટીડીપીની અવિશ્વાસની દરખાસ્તને સ્વીકારી લેવામાં આવી હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને ટીડીપીના અધ્યક્ષ ચંદ્રાબાબુ નાયડુએ અન્ય પક્ષોથી આ સંદર્ભમાં સમર્થનની માંગ કરી છે.

## કયો પક્ષ કોની તરફેણમાં

શિવસેનાઃ આમ તો આ એનડીએ અને મહારાષ્ટ્રમાં સરકારનો હિસ્સો, પરંતુ અવિશ્વાસ પ્રસ્તાવ પર પાર્ટી શું કરશે, તેના પર પાર્ટીની તરફથી ગુરૂવારના રોજ અલગ-અલગ નિવેદનો સામે આવ્યા હતા. આખરે શિવસેનાના સૂત્રોનું કહેવું છે કે તેઓ મોદી સરકારની સાથે છે.

તેલુગુ દેશમ પાર્ટી : આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાની માંગણીને લઈ પહેલાં કેન્દ્ર સરકાર અને પછી ભાજપના નેતૃત્વાળી એનડીએમાંથી બહાર આવનાર ટીડીપીએ જ અવિશ્વાસ પ્રસ્તાવ મૂકયો છે. પાર્ટીએ પોતાના સાંસદોને વિપ પણ રજૂ કરી દીધો છે. આ સિવાય ટીડીપી એ અન્ય તમામ સાંસદોને પણ અપીલ કરી છે.

તૃણમૂલ કોંગ્રેસ : મમતા બેનર્જીના નેતૃત્વમાં ટીએમસી અવિશ્વાસ પ્રસ્તાવની સાથે છે. ટીએમસીએ પોતાના સાંસદો માટે વિપ રજૂ કરી દીધો છે.

બીજુ જનતા દળ : રિપોર્ટ્સના મતે બીજુ જનતા દળએ પણ પોતાના સાંસદોને વિપ રજૂ કર્યો છે. સાંસદોને શુક્રવારના રોજ લોકસભામાં ઉપસ્થિત રહેવાનું કહ્યું છે.

તેલંગાણા રાષ્ટ્ર સમિતિ : આમ તો તેલંગાણા રાષ્ટ્ર સમિતિ બિન ભાજપ અને બિન કોંગ્રેસી મોરચા બનાવામાં લાગી છે, પરંતુ અવિશ્વાસ પ્રસ્તાવ પર હજુ પાર્ટીનું સ્ટેન્ડ ખોલીને સામે આવ્યો નથી. જો કે સૂત્રોનું માનીએ તો ટીઆરએસ અવિશ્વાસ પ્રસ્તાવનું સમર્થન કરશે નહીં.

ભાજપના 'શત્રુ' ભાજપની સાથે : પોતાની પાર્ટી ભાજપથી નારાજ ચાલી રહેલ સાંસદ શત્રુઘ્ન સિન્હાએ અવિશ્વાસ પ્રસ્તાવ પર મોદી સરકાર સાથે રહેવાનો નિર્ણય કર્યો છે. તેની વિરૂદ્ધ વોટ કરશે. સિન્હા સાથે મીડિયાની વાતચીતમાં કહ્યું કે તેઓ પાર્ટી લાઇનનું પાલન કરશે.


મોદી, સોનિયાએ બનાવી રણનીતિઃ કેન્દ્ર સરકાર અને વિપક્ષ બંને તેને લઈ કોઈ તક ગુમાવા માંગતા નથી.

## વિશ્વના ૧૫ બેસ્ટ શહેરોમાં ઉદયપુરનો ત્રીજુ સ્થાન

**ટોચના બે શહેરોમાં મેક્સિકોના સાન મિગ્યુએલ દે એલન્ડે અને ઓઅક્શા**

ન્યુ દિલ્હી,તા.૧૯

વર્ષ ૨૦૧૮ માં ઉદયપુર શહેર ફરી એકવાર યાત્રા + છુટ્ટીઓ ગુજારવા વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં ત્રીજું સ્થાન પામ્યું છે. ઉદયપુર, ૧૬ મી સદીમાં મેવાડના મહારાણાઓ દ્વારા બનાવવામાં આવેલું વારસો-ધરાવતું આ શહેર, વિશ્વના શ્રેષ્ઠ ૧૫ શહેરોમાંના ત્રીજા સ્થાન પર બિરાજનમાં થયું છે.



ટોચના બે શહેરો મેક્સિકોના છે, જેમનું નામ સાન મિગ્યુએલ દે એલેન્ડે અને ઓઅક્શા છે. ૨૦૧૭ માં, ઉદયપુરને યાત્રા + લેઝર દ્વારા આ તફાવત પ્રાપ્ત થયો હતો, તેણે નવા સર્વેક્ષણમાં વિશ્વનાં ટોચનાં ૧૫ શહેરોમાંના એકમાં જયપુરને સ્થાન આપ્યું છે. જયારે જયપુરે બીજા આંતરરાષ્ટ્રીય પ્રવાસી હોટસ્પોટ્સને હરાવ્યા હતા.


વર્લ્ડ બેસ્ટ એવોર્ડસ સર્વેક્ષણના ભાગ રૂપે, ટ્રાવેલ એન્ડ લેઝર મેગેઝિનના વાચકોને સ્થળો અને સીમાચિહ્નો, સંસ્કૃતિ, રાંધણકળા, મિત્રતા, શોપિંગ અને એકંદર મૂલ્યના આધારે તેમના મનપસંદ શહેરી સ્થળોને ક્રમ આપવા માટે કહેવામાં આવ્યું હતું.

ઉદયપુર ફરી એક વખતનું એકમાત્ર ભારતીય શહેર છે જે પામ્યું છે. જયારે અન્ય ટુરિસ્ટ સ્થળો મુંબઈ અને દિલ્હી સહિતના અન્ય મોટા પ્રવાસન સ્થળો છે જેના કરતાં જયપુર આગળ છે. ૨૦૧૮ માં ઉદયપુરનો ત્રીજા ક્રમાંકમાં સમાવેશ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## સરહદે ઘુસણખોરી માટે ત્રાસવાદીઓની હિલચાલ

**અંકુશરેખા નજીક પાકિસ્તાની લોંચ પેડમાં ત્રાસવાદીઓ એકત્રિત થયા : યોગ્ય તક મળતા જ ઘુસણખોરી કરી શકે : જમ્મુ કાશ્મીરમાં મોટા ત્રાસવાદી હુમલા કરવા અને અમરનાથ યાત્રાને ટાર્ગેટ બનાવવાની ઘાતક યોજના તૈયાર**



શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં મોટા ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ભારતીય પ્રદેશમાં ઘુસણખોરી કરવા માટે અંકુશ રેખા નજીક આ ત્રાસવાદીઓ રાહ જોઈ રહ્યા છે. ઈન્ટેલિજન્સ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં મોટા હુમલાને અંજામ આપી શકે છે. સાથે સાથે અમરનાથ યાત્રીઓ પર પણ હુમલા કરવામાં આવી શકે છે. સરકારને જે બાતમી મળી છે તે દર્શાવે છે કે આ તમામ ત્રાસવાદીઓ લશ્કરે તોયબા અને હિજબુલ મુજાહીદ્દીનના હોવાની માહિતી મળી છે. હાલમાં તમામ ત્રાસવાદીઓ અંકુશ રેખા નજીક જુદા જુદા લોંચ પેડ પરરાહ જોઈ રહ્યા છે. અહેવાલ મુજબ ત્રાસવાદીઓને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા તાલીમ આપવામા આવી છે. હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે હુમલાને રોકવા માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હુમલાની સંભાવનાને ધ્યાનમાં લઈને આઈટીબીપી, સીઆરપીએફ, ભારતીય સેના અને જમ્મુ કાશ્મીર પોલીસને હાઈ એલર્ટ પર રહેવા માટે કહેવામાં

● અનુસંધાન પાન-૭ પર

## તમામ રેલ્વે સ્ટેશનો પર યાત્રિઓને ફ્રી-વાઈફાઈની સુવિધા મળશે

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતીય રેલ્વે સ્ટેશનો પર ટૂંક સમયમાં જ યાત્રિઓને ફ્રી વાઈ-ફાઈની સુવિધા મળશે. રેલ્વે રાજ્યમંત્રી રાજેન ગોહેને લોકસભામાં એક સવાલનાં જવાબમાં લિખિત જાણકારી આપી છે. આ સાથે જ એવું પણ ધ્યાનમાં રાખવામાં આવેલ છે કે આ મદદમાં રેલ્વેએ કોઈ જ ખર્ચ કરવાનો રહેશે નહીં. તેઓએ પોતાનાં જવાબમાં કહ્યું કે, "હોલ્ટ સ્ટેશનોને છોડીને દેશનાં પ્રત્યેક સ્ટેશન પર ફ્રી વાઈ-ફાઈની સુવિધા આપવામાં આવશે. વર્તમાન સમયમાં દેશનાં અલગ-અલગ ભાગોમાં ૭૦૭ સ્ટેશનો પર વાઈ-ફાઈની સુવિધા આપવામાં આવી રહી છે. જેને સતત આગળ વધારવામાં આવી રહેલ છે."

રેલ્વે રાજ્યમંત્રીએ વધુમાં એમ પણ કહ્યું કે, "રેલ-ટેલએ 'છ-૧' અને 'છ' વર્ગનાં સ્ટેશનો પર વાઈ-ફાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે મેસર્સ મહાતા ઈન્ફર્મેશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની સાથે સમજૂતી કરેલ છે.